## જીએનએલયુમાં 'ન્યાયાધીશોનું એન્યુઅલ મીટઅપ' યોજાયું

# પટ્ટાવાળાથી લઈને પ્રોફેસરને મળ્યા રાજ્યના 14 ન્યાયાધીશો

## GNLUના 50 વિદ્યાર્થીઓ છે દેશના ન્યાયતંત્રમાં ન્યાયાધીશ



GNLUના પૂર્વ વિદ્યાર્થીઓ અને હાલ ન્યાયાધીશ (જજ) તરીકે સેવા આપતા 14 ન્યાયાધીશો જીએનએલયુના પ્રોફેસર સાથે.

**MEET UP**

સિટી રિપોર્ટર . અમદાવાદ

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (જીએનએલયુ)ના 50થી વધુ વિદ્યાર્થીઓ દેશના જુદા-જુદા રાજ્યના ન્યાયતંત્રમાં સેવા આપી રહ્યાં છે તે પૈકી 14 ગુજરાત રાજ્યમાં ન્યાયાધીશ તરીકે ફરજ બજાવતા 14 ન્યાયાધીશોનું એન્યુઅલ મીટઅપ જીએનએલયુ ખાતે યોજાયું હતું. આ 14 ન્યાયાધીશોએ જીએનએલયુનું હાલનું ન્યૂ કેમ્પસ બન્યુ નહોતું ત્યારે ગાંધીનગરમાં આવેલા જૂના કેમ્પસમાં આવેલી કોલેજ અને ગવર્મેન્ટ ક્વાર્ટરમાં રહેતા હતા ત્યાં જઈને પોતાની જૂની યાદો તાજાં કરી હતી. બે દિવસના આ પ્રોગ્રામમાં ન્યાયાધીશો પોતાના ક્લાસમેટ સાથે તે સમયના પ્રોફેસર અને કોલેજના પટ્ટાવાળાને મળ્યા હતા.

14 ન્યાયાધીશોએ જીએનએલયુ કેમ્પસમાં બે દિવસના રોકાણ દરમિયાન સાંસ્કૃતિક પ્રોગ્રામ માણ્યો હતો. આ સાથે પ્રોફેસર સાથે પણ વિદ્યાર્થીઓના સેશન યોજાયા હતા. 14 ન્યાયાધીશોએ જીએનએલયુમાં હાલ લૉની સ્ટડી કરી રહેલા વિદ્યાર્થીઓને ભવિષ્યમાં લૉ ફીલ્ડનો સિનારિયો સાથે કેવી રીતે લૉમાં કારકિર્દી બનાવી શકાય તે વિશે માર્ગદર્શન આપ્યું હતું.

### દરેક મોટા સિટીમાં યોજાશે ન્યાયાધીશોની મીટઅપ

જીએનએલયુ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, 'જીએનએલયુના દેશના વિવિધ રાજ્યોમાં કુલ 50 વિદ્યાર્થીઓ દેશના ન્યાયતંત્રમાં ન્યાયાધીશ તરીકે ફરજ બજાવે છે. જે પૈકી 14 ન્યાયાધીશો ગુજરાતમાં સેવા આપી રહ્યાં છે. જીએનએલયુ દ્વારા હવે પછીની ન્યાયાધીશોની મીટઅપ દિલ્હીમાં 30 નવેમ્બરે, બેંગ્લુરુમાં 8 ડિસેમ્બરે, હૈદરાબાદમાં 15 ડિસેમ્બરે જ્યારે કોલકાતામાં 21 ડિસેમ્બરે યોજાશે. જેમાં જીએનએલયુના પૂર્વ વિદ્યાર્થીઓ જે હાલ ન્યાયાધીશો તરીકે સેવા આપે છે તે પણ ભાગ લેશે.

## GNLUમાં આજે 'ફેક ન્યુઝ વેરિફિકેશન ટ્રેનિંગ' વર્કશોપ

સિટી રિપોર્ટર | ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (જીએનએલયુ)માં 14મીએ સવારે 9:30 વાગ્યે 'ગૂગલ ફેક્ટ ચેકિંગ એન્ડ ઓનલાઈન વેરિફિકેશન ટ્રેનિંગ' વર્કશોપનું આયોજન ગૂગલ ન્યૂઝ ઈનિશ્યટિવ ઈન્ડિયા ટ્રેનિંગ નેટવર્કના સહયોગથી કરવામાં આવશે. મીડિયાકર્મીઓને આ વર્કશોપમાં ઓનલાઈન ફોટોઝ, વીડિયો અને કન્ટેન્ટ સાચું છે કે ખોટું તે કઈ રીતે ક્રોસ વેરિફિકેશન કરવું તે અંગે એક્સપર્ટ દ્વારા તાલીમ આપવામાં આવશે.

Scanned by CamScanner